**CRIMINAL CASE NO:- 6563-2005**

## //આંક–૧ લગત હુકમ//

(૧) હાલનો કેસ ફરીયાદી તરફે સરકાર પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલો છે અને આરોપી લાંબા સમયથી મળી આવતા ન હોવાને કારણે ડોરમેન્ટ પર મુકવામાં આવેલો. હાલની કેસ પરત ખેંચવાની વિડ્રો પુરસીસ સરકાર તરફે એ.પી.પી.શ્રી દ્વારા રજૂ કરેલ છે. એ.પી.પી.શ્રી દ્વારા સદરહું પુરસીસ અને હુકમના આધારે સરકાર તરફે સદરહું કેસ પરત ખેંચીએ છીએ તેવુ જાહેર કરેલ છે. આ કામે એ.પી.પી.શ્રીની પુરસીસ વંચાણે લેતા અને તેની સાથે રજૂ થયેલ પરત ખેંચવાનો હુકમ ધ્યાને લેતા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા પરત ખેંચવાનો એ.પી.પી.શ્રીને હુકમ કરેલ હોય અને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૨૧ વંચાણે લેતા એ.પી.પી.શ્રીને સરકાર તરફે કેસ પરત ખેંચવાની પરવાનગી આપવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### *// હુકમ //*

(૧) હાલનો કેસ એ.પી.પી.શ્રીની પુરસીસના આધારે કેસ પરત ખેંચવાની ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૨૧ અન્વયે પરવાનગી આપી સરકાર દ્વારા વિડ્રો થતો હોય વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આંક–૨ ની મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરેલ મુદ્દામાલ પૈકી જો કિંમતી મુદ્દામાલ હોય અને તેને વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરેલ હોય તો બિનશરતી કાયમી કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો હક્કદાર વ્યક્તિને સી.આર.પી.સી. ની કલમ–૪૫૨ અન્વયે અલગથી ઈન્કવાયરી કરીને સોંપી આપવો અને જો બિન–કિંમતી મુદ્દામાલ હોય તો અપીલ સમય વિત્યે નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૨ મી માહે  નવેમ્બર સન`૨૦૨૨ ના રોજ  મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(એચ.જે.વસાવડા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)
U.I.CODE GJ 1386

તારીખઃ– ૧૨/૧૧/૨૦૨૨
સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય)